પેટ્રોલની કિંમત ઘટાડવા તીવ્ર દબાણ

નવી દિલ્હી,તા.૨

છેલ્લા એક પંખવાડિયામાં આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં ઘટાડો થયો હોવા છતાં પેટ્રોલ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવા વિચારણા કરી રહી નથી. આંતરરાષ્ટ્રીય તેલ કિંમત ઘટી જતા ઓઈલ કંપનીઓને લિટર દીઠ રૂપિયા એકનો ફાયદો થઈ રહ્યો છે. છતાં કિંમતમાં ઘટાડો કરવા અંગે કોઈ વિચારણા થઈ રહી નથી જેથી સામાન્ય લોકોમાં નારાજગીનું મોજું ફળી વળ્યું છે.

ઓઈલ કંપનીઓ અને સરકાર ઉપર પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવા દબાણ વધી રહ્યું છે. પેટ્રોલની કિંમત ઘટશે કે કેમ તેને લઈને હવે ચર્ચા છેડાઈ ગઈ છે. પોઝિટીવ માર્જિનની સ્થિતિ હોવા છતાં ઓઈલ કંપનીઓ ભાવ ઘટાડાને ટાળી રહી છે. વર્તમાન વ્યવસ્થા હેઠળ વૈશ્વિક કિંમતોની સાથે પેટ્રોલની કિંમતને જોડી દેવામાં આવી છે. પેટ્રોલને અંકુશમુક્ત બનાવવામાં આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય કિંમતમાં ફેરફાર ઉપર આધાર રાખીને કિંમતોમાં સુધારો કરવામાં આવે છે. ઓઈલ કંપનીઓ દર મહિને ૧૫મી અને છેલ્લી તારીખે પેટ્રોલની કિંમતમાં સુધારા કરે છે. ૩૧મી ઓક્ટોબરના દિવસે પૂરા થયેલા પખવાડિયામાં ઓઈલ કંપનીઓ પેટ્રોલ ઉપર નફો અથવા તો ઓવર રિકવરી લિટર દીઠ રૂપિયા એકની મેળવી રહી છે જેથી પ્રોફિટ માર્જિન બાદ નફો સામાન્ય લોકોને મળે તેવી ગણતરી થઈ રહી છે. ઓઈલ કંપનીના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે તર્કની દૃષ્ટિએ ગ્રાહકોને લાભ આપવામાં આવે તે જરૂરી છે. કારણ કે લિટર દીઠ રૂપિયા એકની આસપાસ પોઝિટિવ માર્જિનની સ્થિતિ છે પરંતુ આ લાભ સામાન્ય લોકોને હાલમાં આપવામાં નહીં આવે. ઓઈલ કંપનીઓને દહેશત સતાવી રહી છે કે અમેરિકામાં સેન્ડી વાવાઝોડું ત્રાટક્યા બાદ હાલત કફોડી થશે. અમેરિકામાં

રિફાઈનરીઓ બંધ રાખવામાં આવી છે જેથી વૈશ્વિક પેટ્રોલની કિંમતમાં વધારો થશે. ઓઈલ કંપનીના અધિકારીનું કહેવું છે કે જો પેટ્રોલની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં વધશે તો તેની સીધી અસર સ્થાનિક કિંમતો ઉપર પડશે. હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી નજીક હોવાથી ઓઈલ કંપનીઓને આગામી બે મહિનામાં પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં મંજૂરી આપવામાં આવશે નહીં જેથી પેટ્રોલ ઉપર આ માર્જિન જાળવી રાખવામાં આવે તેવી ગણતરી અમે કરી રહ્યા છીએ.

પેટ્રોલની કિંમત પણ અંકુશ મુક્ત બનાવી દેવામાં આવ્યા બાદ ઓઈલ કંપનીઓ અને સરકાર સ્પષ્ટ પણે જોરદાર પ્રક્રિયામાં વ્યસ્ત છે. કારણ કે આંતરરાષ્ટ્રીય કિંમતોમાં સતત ફેરફાર થઈ રહ્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયને પૂર્વ સચિવનું કહેવું છે કે પેટ્રોલ જેવી સંવેદનશીલ પ્રોડક્ટની કિંમતમાં વધારો કરવા માટે અનૌપચારિક રીતે હજુ પણ સરકારની મંજૂરી લેવી પડે છે. પેટ્રોલની કિંમત અંકુશ મુક્ત હોવા છતાં ભાવવધારાને અમલી બનાવતા પહેલા સરકારને ધ્યાન દોરવામાં આવે છે. બીજી બાજુ ડિઝલ, એલપીજી અને કેરોસીનની કિંમત સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. તાજેતરમાં જ સરકારે ઘણા કઠોર પગલાં લીધા છે. પ્રોફિટ માર્જિનની સ્થિતિ હોવા છતાં પેટ્રોલની કિંમતમાં કેમ ઘટાડો કરવામાં આવી રહ્યો નથી તેવા પ્રશ્નો સામાન્ય લોકો કરી રહ્યા છે. સરકાર અને ઓઈલ કંપનીઓ ઉપર દબાણ વધારી દેવામાં આવ્યું છે. જો કે હાલ પેટ્રોલની કિંમતમાં ભાવ ઘટાડાની શક્યતા નથી.

ડિસેમ્બરથી ટ્રેનના યાત્રીઓ માટે ઓળખપત્ર ફરજિયાત

નવી દિલ્હી,તા.૨

રેલવેમાં મુસાફરી કરતા યાત્રીઓને ડિસેમ્બરથી ફરજિયાતપણે આઈકાર્ડ અથવા તો ઓળખપત્ર રાખવાની જરૂર પડશે. રેલવે યાત્રા કરતી વેળા તમામને સાવધાનીપૂર્વક ઓળખપત્રો રાખવા પડશે. ઓળખપત્રો નહીં રાખવાની સ્થિતિમાં દંડ કરવાનો રહેશે. ટિકિટોના બ્લેક માર્કેટિંગને રોકવાના હેતુસર આ યોજના અમલી બનાવવામાં આવશે. ઓળખપત્રને ફરજિયાત બનાવવા પાછળ અન્ય હેતુ પણ રહેલા છે. એસી કોચમાં મુસાફરી કરતા યાત્રીઓ માટે પહેલાથી જ આ વ્યવસ્થા અમલી બની ચુકી છે. કેન્દ્રિય રેલવે પ્રધાન પવનકુમાર બંસલે કહ્યુ છે કે બ્લેક માર્કેટિંગની ઘણી ફરિયાદો હાલના સમયમાં મળી છે. આના કારણે યાત્રીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને પ્રમાણિત લોકોને ટિકિટ મેળવવામાં મુશ્કેલી પડે છે. કિંમતોમાં વધારા અંગે પુછવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે જો સુવિધાની જરૂર પડશે તો ચોક્કસપણે વધારો કરવામાં આવશે.

પ્રધાને ખાતરી આપી હતી કે આનાથી રેલવેની સેવામાં અને ગુણવત્તામાં સુધારો થશે. નાણાંકીય મોરચે તેમણે એમ પણ કહ્યુ હતુ કે રેલવે આ વર્ષમાં સરકાર પાસેથી ૪૦૦૦૦ કરોડની રકમ લેશે. ગયા વર્ષે રેલવે દ્વારા ૨૫૦૦૦ કરોડની રકમ લેવામાં આવી હતી. બંસલે કહ્યુ હતુ કે અમને રેલવેને યોગ્ય ટ્રેક પર લાવવા માટે એક લાખ કરોડની જરૂર પડશે. કેન્દ્રિય પ્રધાને દેશના કોઈ પણ ભાગમાં કોઈ ખાસ ટ્રેન અથવા તો કોઈ ખાસ પ્રોજેક્ટની વાત કરી નથી અને કહ્યુ છે કે સિસ્ટમમાં સુધારો કરવા તાત્કાલિક ધોરણે ઘણુ કામ કરવાની જરૂર છે. જો કે તેમણે કહ્યુ હતુ કે લાંબા ગાળે પાંચ સુપરફાસ્ટ બુલેટ ટ્રેન દોડાવવાની યોજના છે જેમાં અમદાવાદથી મુંબઈ અને ચંદીગઢથી દિલ્હી ટ્રેનનો સમાવેશ થાય છે. બુલેટ ટ્રેનની વાત કરવામાં આવતા એક બાબત ચોક્કસ થઈ છે કે બુલેટ ટ્રેનની દિશામાં સરકાર ઝડપથી આગળ વધવા માંગે છે.

સોનિયા ગાંધી અને રાહુલ સામે આરોપ પૂરવાર કરવાનો પડકાર

નવી દિલ્હી,તા.૨

જનતાપાર્ટીના પ્રમુખ સુબ્રમણ્યમ સ્વામી સામે હવે કોંગ્રેસે પણ મોરચા સંભાળી લીધા છે. કોંગ્રેસ પાર્ટીએ આજે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામેના આક્ષેપો પૂરવાર કરવા સુબ્રમણ્યમ સ્વામીને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. કોંગ્રેસ પાર્ટીએ ભારપૂર્વક કહ્યુ છે કે પક્ષ કાયદાકીય લડત ચલાવવા માટે પણ તૈયાર છે. પત્રકાર પરિષદને સંબોધતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા પીસી ચાકોએ કહ્યુ છે કે અમે કાયદાકીય લડત માટે તૈયાર છીએ. આ પ્રકારના આક્ષેપો કરનાર સ્વામીએ આક્ષેપો પૂરવાર કરવા જોઈએ. અમે રાહુલ ગાંધીની ઓફિસમાંતી એક પત્ર પણ મોકલી ચુક્યા છીએ જે એક નોટિસ સમાન રહેશે. સ્વામીએ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને ટાર્ગેટ બનાવતા આકરા પ્રહારો કર્યા હતા. જંગી રકમ ઉભી કરવાની સ્વામીએ આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસના નેતાએ કહ્યુ છે કે સ્વામીને કોર્ટમાં જવાની હિમ્મત હોવી જોઈએ. અમે કોર્ટમાં કેસ લડવા માટે તૈયાર છીએ. તેમની સામે

કેસ દાખલ કરવામાં આવે તેમ ઈચ્છીએ છીએ. પડકારને ઉપાડતા ચાકોએ કહ્યુ હતુ કે અમે ઈચ્છીએ છીએ કે તેઓ અમારી સામે કોર્ટમાં મેદાનમાં આવે. અમે એ બાબતને યાદ અપાવવા માંગીએ છીએ કે સ્વામીએ અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો છે. આ પ્રકારની બ્લેકમેઈલિંગ કરવાની યુક્તિ સમક્ષ અમે ઝુકીશું નહીં. કોઈ પણ પ્રકારના ધારાધોરણને ભંગ કરવામાં આવ્યો નથી. અત્રે નોંધનિય છે કે ગઈકાલે રાહુલ ગાંધીની ઓફિસે સ્વામીને પત્ર મોકલીને ચેતવણી આપવામાં આવી હતી. સ્વામીએ કહ્યુ હતુ કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ યંગ ઈન્ડિયન નામથી કંપની ઉભી કરી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે સુબ્રમણ્યમ સ્વામીએ આક્ષેપો કર્યા બાદ હવે તેમની સામે બદનક્ષીનો કેસ કરવા રાહુલ ગાંધીને ખુલ્લો પડકાર ખેંક્યો છે. રાહુલની ઓફિસે આક્ષેપો બાદ બદનક્ષીનો કેસ કરવા સાથેનો સંબંધિત પત્ર મોકલ્યા બાદ સ્વામીએ કહ્યુ હતુ કે તેઓ કોર્ટમાં કેસ લડવા માટે તૈયાર છે.

યેરા નાયડુના મોત મામલે વડાપ્રધાને દુઃખ વ્યક્ત કર્યુ

નવી દિલ્હી, તા.૨

વડાપ્રધાન મનમોહનસિંહે આજે ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન અને તેલુગુ દેશમ પાર્ટીના નેતા યેરા નાયડુના અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતુ. વડાપ્રધાને કહ્યુ હતુ કે યેરા નાયડુ એક કુશળ સાંસદ અને શાનદાર વ્યક્તિત્વ ધરાવનાર નેતા હતા. નાયડુનું આજે દુર્ઘટનામાં મોત થયુ હતુ. સિંહે કહ્યુ હતુ કે માર્ગ દુર્ઘટનામાં યેરા નાયડુના દુખદ અવસાન અંગે તેઓ દુખી થયા છે. તેમના અવસાનથી આંધ્રપ્રદેશ અને દેશમાં એક સાર્વજનિક જીવનમાં મહત્વની ભૂમિકા અદા કરનાર વ્યક્તિને અમે ગુમાવી દીધા છે. સિંહે કહ્યુ હતુ કે યેરા નાયડુના પરિવાર પ્રત્યે તેઓ સહાનુભૂતિ વ્યક્ત કરે છે. અત્રે ઉલ્લેખનિય છે કે હૈદરાબાદથી આશરે ૭૦૦ કિમીના અંતરે સ્થિત આંધ્રના શ્રીકાકુલમ જિલ્લામાં રાણાસ્થળમ નજીક નાયડુનું કારદુર્ઘટનામાં વહેલી પરોઢે મોત થયુ હતુ.

સંજયદત્ત સામે તમામ કેસો પાછા ખેંચવા યુપીનો નિર્ણય

લખનૌ,તા.૨

ઉત્તરપ્રદેશ સરકારે બોલિવુડના સ્ટાર અભિનેતા સંજયદત્ત સામે અગાઉની બહુજન સમાજ પાર્ટી સરકાર દ્વારા લાદવામાં આવેલા તમામ કેસોને પાછા ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. આની સાથે જ સંજયદત્તને મોટી રાહત થઈ હતી. ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતી સામે ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. સંજય દત્ત આ આક્ષેપોના કારણે વિવાદના ઘેરામાં આવી ગયો હતો. આ મામલા અંગે કાયદામંત્રાલય દ્વારા ભલામણ કરવામાં આવ્યા બાદ ગૃહ વિભાગ દ્વારા સંજયદત્ત સામે કેસોને પાછા ખેંચી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. માયાવતીના નેતૃત્વમાં અગાઉની સરકારે કથિત ટિપ્પણી બદલ વર્ષ ૨૦૦૮માં સંજયદત્ત સામે બારાબંકી, મઉ અને પ્રતાપગઢમાં ત્રણ કેસ દાખલ કર્યા હતા. પહેલી ઓગસ્ટ ૨૦૦૯ના દિવસે સંજયદત્તે પ્રતાપગઢમાં એક રેલીમાં સંબોધન કરતા જણાવ્યુંહતુ કે તેઓ તત્કાલિન મુખ્યમંત્રી માયાવતીને જાદુ કી ઝબકી આપવા ઈચ્છે છે. બારાબંકીમાં રામસ્નેહી ઘાટ ખાતે અને મઉમાં દક્ષિણ તોલામાં પોતાની ફિલ્મ મુન્નાભાઈ એમબીબીએસના ડાયલોગને સંજયદત્તે ફરી પુનરાવર્તન કર્યુહતુ. આ વારંવારના નિવેદન બાદ ફિલ્મ અભિનેતા સામે ત્રણ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. ત્રણ જુદીજુદી જગ્યાઓએ કેસ દાખલ કરાયા હતા. તે વખતે સંજય દત્ત સમાજવાદી પાર્ટીના જનરલ સેક્રેટરી તરીકે હતો. જો કે સંજયદત્તે અમરસિંહ પક્ષમાંથી નીકળી ગયા બાદ સમાજવાદી પાર્ટી સાથે છેડો ફાડી લીધો હતો. જો કે સમાજવાદી પાર્ટી સાથે સંજયદત્તની મિત્રતા અને સંબંધો ખુબજ જાણીતા રહ્યા છે. મુલાયમસિંહ યાદવ અને મુખ્યમંત્રી અખિલેશ યાદવ સાથે સંજયદત્તના ખુબ સારા સંબંધો છે. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી ઉત્તરપ્રદેશમાં બે શક્તિશાળી પક્ષો છે. માયાવતી સરકારે સંજયદત્તને ત્રણ કેસ નોંધીને મુશ્કેલીમાં મુકી દીધો હતો પરંતુ હવે સંજયદત્ત સામે અખિલેશ સરકારે કેસો પાછા ખેંચી લીધા છે.

આંધ્રપ્રદેશમાં પરેશાન ૩ ખેડૂતોએ આત્મહત્યા કરી

કરીમનગર, તા.૨

આંધ્રપ્રદેશના કરીમનગર જિલ્લામાં કપાસના ત્રણ ખેડૂતોએ આત્મહત્યા કરી લેતા સનસનાટી મચી ગઈ છે. પોલીસે માહિતી આપતા કહ્યુંછે કે પાક નિષ્ફળ જવાના કારણે તથા દેવું વધી જવાના કારણે ખેડૂતોએ આત્મહત્યા કરી લીધી છે. આત્મહત્યા કરનાર ખેડૂતોની ઓળખ કરી લેવામાં આવી છે. ૪૪ વર્ષીય ભીમુનીએ થોડાક દિવસ પહેલાં જ બે લાખ રૂપિયાની લોન લીધી હતી પરંતુ આ ખેડૂત પાક નિષ્ફળ જતાં લોનની ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયો હતો. તે છેલ્લા ઘણા દિવસથી હતાશામાં ગરકાવ હતો. આખરે પોતાના ખેતરમાં જંતુનાશક દવા ગટગટાવીને ખેડૂતે આત્મહત્યા કરી લીધી છે. અન્ય જે બે ખેડૂતોએ આત્મહત્યા કરી છે તેમાં ૨૭ વર્ષીય રમેશ ગોડ અને ૪૭ વર્ષીય યાદાગીરીનો સમાવેશ થાય છે.

સાનિયા મિર્ઝા બોબ બ્રાયન સાથે જોડી બનાવવા ઈચ્છુક

નવી દિલ્હી, તા.૨

ભારતીય ટેનીસ સ્ટાર સાનિયા મિર્ઝા આગામી વર્ષે રમાનાર ઓસ્ટ્રેલિયન ઓપન ટેનીસમાં મિક્સ્ડ ડબલ્સમાં અમેરિકાના બોબ બ્રાયન સાથે જોડી બનાવવા ઈચ્છુક છે. સાનિયાએ આજે પ્રેસીડેટ ટ્રોફી બોટ રેસની શરૂઆત કર્યા બાદ કહ્યું હતું કે તે ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં બ્રાયનની સાથે જોડી બનાવવા માટે ઈચ્છુક છે. મહિલા ડબલ્સમાં તે અમેરિકાની મેથાની માટેક સાથે રમશે. જ્યારે મિક્સ ડબલ્સમાં ૧૨મી ક્રમાંકિત ખેલાડી સાનિયાએ કહ્યું હતું કે તે દરેક ખેલાડીની જેમ પહેલાં નંબર ઉપર પહોંચવાનું સ્વપ્ન ધરાવે છે. તેનું કહેવું છે કે તે સિંગલ્સમાં વધારે સફળતા હાંસલ કરી શકી નથી પરંતુ સિંગલ્સમાં પણ સફળતા મેળવવા માટે આશાવાદી છે. તેનું કહેવું છે કે ડબલ્સ અને મિક્સ્ડ ડબલ્સમાં પ્રમાણમાં તેને વધારે સફળતા હાથ લાગી છે. તેનું એમ પણ કહેવું છે કે એક વખતે પાકિસ્તાની ક્રિકેટર સાથે લગ્ન થયા બાદ એમ લાગી રહ્યું હતું કે ટેનિસને છોડી દેવાની ફરજ પડશે પરંતુ તે હજુ પણ રમી રહી છે જેની તેને ખુશી છે.

સાનિયાનું કહેવું છે કે જ્યારે તે ૧૬ વર્ષની હતી ત્યારે તે એમ માનતી હતી કે ૨૪ વર્ષની વય સુધી

તે ટેનિસમાં સક્રિય રહેશે અને લગ્ન બાદ ટેનિસ છોડી દેશે પરંતુ તે સતત રમી રહી છે. ટોચના સ્તરે સાનિયાને ડબલ્સ અને મિક્સ્ડ ડબલ્સમાં સફળતા મળી છે. જો કે સાનિયાને ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધામાં કોઈ મોટી સફળતા મળી નથી. સિંગલ્સમાં તે ક્યારેય પણ આગામી રાઉન્ડ સુધી પહોંચી શકી નથી. અલબત્ત તેની ગણતરી ટેનિસની ગ્લેમર ખેલાડીઓમાં થાય છે અને તેની બોલબાલા પણ છે. તેની મેચ જોવા માટે ચાહકો પણ પહોંચે છે. કારણ કે ટેનિસમાં ગ્લેમરનો ઉમેરો તાજેતરના વર્ષોમાં થયો છે.

જયપુરમાં બિઝનેસ ગ્રુપ પર આવકવેરાના વ્યાપક દરોડા

જયપુર,તા.૨

આવકવેરા વિભાગે આજે જોરદાર સપાટો બોલાવીને એક બિઝનેસ ગ્રુપ ઉપર વ્યાપક દરોડા પાડ્યા હતા અને ૧.૨૩ કરોડની કિંમતની સંપત્તિ કબજે કરી લીધી હતી. આવકવેરા વિભાગ દ્વારા કબજે કરવામાં આવેલા દસ્તાવેજોમાં બિન હિસાબી લેવડદેવડના દસ્તાવેજોનો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવાયુ છે કે મોટી સંખ્યામાં આ દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા બાદ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ કુલ ૬૦ કરોડની કિંમતની બિન હિસાબી આવક હજુસુધી તપાસમાં શોધી કાઢવામાં આવી છે. ૩૦મી ઓક્ટોબરના દિવસે તપાસ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. આ ઓપરેશન દરમિયાન જવેલરી, કોમોડિટી, શેર અને રિયલએસ્ટેટના કારોબારમાં ગ્રુપની ૩૦ જગ્યાઓ પર વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઓપરેશન દરમિયાન તમામ જગ્યાઓએ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. સત્તાવાર સુત્રોએ આજે માહિતી આપતા કહ્યુ હતુ કે કબજે કરવામાં આવેલા દસ્તાવેજો અને અન્ય પૂરાવાની ઉંડી ચકાસણી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં વધુ કેટલીક નક્કર બાબતો સપાટી પર આવે તેવી શક્યતા છે. તપાસ ઓપરેશન દરમિયાન આવકવેરા વિભાગના ઘણા અધિકારીઓ જોડાયા હતા અને વહેલી સવારે દરોડાની કામગીરી અતિગુપ્તરીતે હાથ ધરવામાં આવી હતી.

અમેરિકી ચૂંટણી : ઓબામાએ ફરી એકવાર મોરચો સંભાળ્યો

વોશિંગ્ટન, તા.૨

સેન્ડી વાવાઝોડાના કારણે પોતાના ચૂંટણી અભિયાનને અધવચ્ચે રોકી દેનાર પ્રમુખ ઓબામાએ ફરી એકવાર ચૂંટણી પ્રચાર અભિયાનમાં મોરચો સંભાળી લીધો છે. આગામી પાંચ દિવસમાં ઓબામા દોઢ ડઝન જેટલી ચૂંટણી સભાઓને સંબોધિત કરશે. રોમની સાથે સ્પર્ધા ખૂબ જ મુશ્કેલરૂપ રહેશે તે બાબતથી ઓબામા સંપૂર્ણપણે વાકેફ છે. વાઈટ હાઉસ ઉપર દાવેદારી માટેની લડાઈ વધુ તીવ્ર બની ગઈ છે. છેલ્લા ઘણા દિવસથી જાહેર કરવામાં આવેલા સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે કે ઓબામા અને રિપબ્લિકન હરીફ રોમની વચ્ચે સ્પર્ધા ખૂબ જ કઠોર છે. બંને પોતાની જીતના દાવા કરી રહ્યા છે. બીજી બાજુ મીટ રોમની પણ જોરદાર અને ઝંઝાવતી પ્રચારમાં લાગી ગયા છે. બે દિવસ બ્રેક પછી ઓબામા સામે મોરચા ખોલી દેવામાં આવ્યા છે. ઓબામા

અને રોમની એકબીજા સામે આક્ષેપ પ્રતિ આક્ષેપ કરી રહ્યા છે. નવા સર્વે ઉપર નજર કરવામાં આવે તો ઓબામા સ્પષ્ટ લીડ મેળવી શક્યા નથી. વોશિંગ્ટન પોસ્ટે કહ્યું છે કે અંતિમ દિવસોમાં વ્હાઈટ હાઉસ માટેની સ્પર્ધા તીવ્ર બની ગઈ છે. નવા સર્વેમાં ૪૮ ટકા મતદારોએ ઓબામાનું સમર્થન કર્યું છે જ્યારે ૪૮ ટકા મતદારોએ રોમનીની તરફેણ કરી છે. જેથી ગળાકાપ સ્પર્ધા છે. રિયલ ક્લીયર પોલીટિક્સે ગઈકાલે કહ્યું હતું કે ઓબામા ૦.૧ ટકા આંકડા સાથે આગળ ચાલી રહ્યા છે જ્યારે રાસ મુસેનનું કહેવું છે કે રોમની બે પોઈન્ટની લીડ ધરાવે છે. સીએનએન ઓઆરસી દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ ૫૦ ટકા મતદારોએ કોલોરાડોમાં ઓબામાનું સમર્થન કર્યું છે જ્યારે ૪૮ ટકા લોકો રોમનીને ટેકો આપી રહ્યા છે. આવી રીતે રોમનીને ઓહાયોમાં ૪૯થી ૪૬ ટકા લીડ મળી શકે છે. વીસ્કોન્સિનમાં ઓબામા પાછળ ચાલી રહ્યા છે. અમેરિકાની લોકપ્રિય ચેનલ ફોક્સ ન્યૂઝે બુધવારે મોડી રાત્રે કહ્યું હતું કે ઓબામા અને રોમની ૪૭-૪૭ ટકા મતો સાથે બરાબર ચાલી રહ્યા છે.

આઈઆરબીની ઓફિસ પર સીબીઆઈની તપાસ

મુંબઈ,તા.૨

આરટીઆઈ કાર્યકર સતીષ શેટ્ટીની હત્યાના મામલામાં તપાસ કરી રહેલી સીબીઆઈએ આજે આઈઆરબી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપર્સ લિમિટેડની ઓફિસ પર ઉંડી તપાસ કરી હતી. આ કંપની તાજેતરમાં જ ભાજપ વડા નીતિન ગડકરી સાથે સંબંધોના મામલે સતત ચર્ચામાં રહી છે. નામ જાહેર નહીં કરવાની શરતે એક સીબીઆઈના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છેકે પૂણેમાં આઈઆરબીની ચાર ઓફિસો પર તપાસ કરવામાં આવી છે. જો કે વિગત આપવાનો હાલમાં ઈન્કાર કરવામાં આવ્યો છે. જાન્યુઆરી ૨૦૧૦માં હત્યા થતા પહેલા સતીષ શેટ્ટીએ પૂણે પોલીસ ક્રાઈમ બ્રાન્ચમાં એક ફરિયાદ નોંધાવી હતી જેમાં આઈઆરબીના ચેરમેન વિરેન્દ્ર જમીન કૌભાંડમાં સામેલ હોવાનો આક્ષેપ કર્યોહતો. સીબીઆઈને ગયા વર્ષે મુંબઈ હાઈકોર્ટના આદેશ બાદ તપાસ સોંપવામાં આવી હતી. ૨૪મી ઓક્ટોબરના દિવસે સીબીઆઈએ હત્યાના સંબંધમાં ૧૧ સ્થળો પર દરોડા પાડ્યા હતા. પૂણે જિલ્લામાં તાલેગાવ ખાતે ૧૩મી જાન્યુઆરી ૨૦૧૦ના દિવસે જ્યારે શેટ્ટી તેમના આવાસમાંથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે તેમની હત્યા કરવામાં આવી હતી.

નિલમ વાવાઝોડું : લાપત્તા ખલાસીના મૃતદેહો મળ્યા

ચેન્નઈ,તા.૨

ચક્રવાતી વાવાઝોડા નિલમના કારણે લાપત્તા થયેલા પાંચ લોકો પૈકી ત્રણના મૃતદેહ મળી આવ્યા છે. ઓઈલ ટેન્કરોના સભ્યો નિલમ વાવાઝોડા બાદ લાપત્તા થઈ ગયા હતા. બે ખલાસીઓ હજુ પણ લાપત્તા હોવાનું જાણવા મળ્યુ છે. ગઈકાલે ઈન્ડિયન કોસ્ટગાર્ડના જવાનો દ્વારા વ્યાપક શોધખોળ હાથ ધરવામાં આવી હતી. લાપત્તા થયેલા પાંચ ખલાસીઓ માટે તપાસ ઓપરેશન હજુ ચાલી રહ્યુ છે. ગઈકાલે સવારે બે હેલિકોપ્ટરોએ પ્રતિભા કાવેરી જહાંજમાં રહેલા ૧૫ ક્રૂ મેમ્બરોને બચાવી લેવામાં સફળતા મેળવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે તાજેતરમાં જ ચેન્નઈમાં નિલમ વાવાઝોડું ત્રાટક્યુ હતુ જેના કારણે ભારે નુકસાન થયુ હતુ. હજુ પણ સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. જનજીવન સામાન્ય બની રહ્યુ છે. નિલમ વાવાઝોડાના કારણે આંધ્રપ્રદેશ, તમિળનાડુમાં અતિભારે વરસાદ થયો હતો. કોસ્ટગાર્ડના જણાવ્યા મુજબ ક્રૂ મેમ્બરો એક જહાંજમાં હતા. પરંતુ જહાંજના કર્મચારીઓએ સલાહ માની ન હતી જેથી તેઓ ફસાઈ ગયા હતા. સાયક્લોન બાદ તપાસની પ્રક્રિયા હજુ પણ રોકવામાં આવી નથી.

મફત મોબાઈલ યોજના (પાના નં. ૪ નું ચાલુ)

મફત મોબાઈલ યોજના - આવશે તો તે માટે અલગ વિભાગ શરૂ કરવો પડશે... નવાં ફોર્મ્સ છપાવવાનું કાર્ય કરવા માટે ટેન્ડર બહાર પડશે... કેટલાને નવી નોકરી મળશે... એક સર્વેક્ષણ પ્રમાણે ભારતમાં હજી લગભગ પચ્ચાસ કરોડ માણસો પાસે મોબાઈલ નથી. આ રિપોર્ટ જાહેર તથા સરકાર સામે આક્ષેપો થશે. સરકાર પંચવર્ષીય યોજનામાં દર વર્ષે એક કરોજ મોબાઈલ મફત પુરા પાડવાનું વચન આપશે... વિપક્ષો આથી અકળાશે. સંસદમાં ધમાલ થશે... દર વરસે પાંચ કરોડ મોબાઈલના સૌ ગ્રાહક રાખશે. થોડા દિવસ સંસદ ઠપ્પ થશે ને પછી ઘીના ઠામમાં ઘી પડી જશે. એક વધારાનું નાટક જનતાને જોવા મળશે... તદ્દન ફ્રી - મફત યોજનામાં વાંધા વચકા બુધ્ધિજીવીઓ કાઢશે. જેમ કે, સરકાર મોબાઈલ આપશે. તેના રીચાર્જનું શું? પરંતુ વિદેશી કંપનીના 'સીઈઓ' પાસે ઘણાં ઘણાં ઉકેલ હોય છે. આવી કંપનીઓ એકાદ નેતાજીને પોતાના પડખામાં લઈ નવી યોજના સૂચવશે. તે પ્રમાણે સરકાર રીચાર્જમાં ૨૫ % સબસીડી આપવાની જાહેરાત કરશે. કલ્યાણ રાજ્યમાં ગરીબો મનોરંજન આણી શકે તે માટે બજેટમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવશે... અને પછી કોલસા બ્લોક, જેમ સબસીડીના બ્લોક વેચાશે... ને તેમાં... કોઈ વળી મોબાઈલ માટે વીમો લેવાની દરખાસ્ત લાવશે. તદ્દન ઓછી પ્રિમિયમે મોબાઈલના વીમા માટે નવી નવી કંપની સ્થપાશે...

અને મોબાઈલ મેળવવા તેના ફોર્મ્સ ભરવા. સબસીડી તથા પ્રિમિયમ ભરવા, પેલો મોબાઈલ ધારક એવો તો અટવાશે. વિવિધ ઓફિસમાં આંટા ખાઈ એવો તો થાકશે કે ઘરે આવી લાંબોબલ થઈ જશે. તેને ભૂખનું ભાન નહિ રહે... પેટમાં ઉઠતા ભૂખના ભડકાને બે હાથે દાબી એ પડ્યો હશે ત્યાં મોબાઈલ રણકી ઊઠેશે.

ભૂલો બધું ભલે પણ મોબાઈલને ભૂલશો નહીં...

- સપના વ્યાસ

સંસ્કાર ચિંતન (પાના નં, ૪ નું ચાલુ)

આપણે ઘણી વખત સાધનાના પંથે જવાનો વિચાર કરીએ છીએ. પણ આપણો સંકલ્પ લાંબો સમય ટકતો નથી. આનું કારણ મનમાં જન્મતા રાગદ્વેષ તથા ભેદભાવ હોય છે. મોટા ભાગના દુઃખના મૂળમાં ભેદ-દૃષ્ટિ જ કારણભૂત હોય છે. આપણે તો દુઃખને પ્રાધાન્ય આપીએ છીએ. સ્વામી વિદિતાત્માનંદજી તો કહે છે. 'દુઃખ તો આગંતૂક છે. એ તો મહેમાન છે. પણ મહેમાનગતિ કરવાની આપણી ટેવને કારણે હવે દુઃખ ઘરધણી થઈ પડયું છે.' બાકી આપણાં શાસ્ત્રો સ્પષ્ટ કહે છે કે સુખ અને આનંદ એ જ તો આપણું સાચું સ્વરૂપ છે. આજે તો સુખ તથા આનંદનો અનુભવ પરાયો - અજાણ્યો બનતો જાય છે. જો અજ્ઞાન હટે તથા જ્ઞાનનો પ્રકાશ અંતરમાં પથરાઈ તોજ આપણને સત્ય જાણવા મળે. આ માટે હે પરમાત્મા. તમો અમારા આ મનને શિવ-સંકલ્પ જ કરનારૂં બનાવો...

નોંધ :- સ્વામી વિદિતાત્માનંદજીના પુસ્તક 'શિવસંકલ્પ સૂક્ત' ના આધારે...

અધ્યાત્મ વિદ્યામંદિર - તરફથી પ્રકાશિત સ્વામીજીના પુસ્તિકામાં સૂક્તના તમામ મંત્રોનું વિશિષ્ટ અર્થો સાથે નિરૂપણ કરાયું છે. જીજ્ઞાસુઓએ જોઈ જવા જેવી પુસ્તિકા છે.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

અજવાળીએ ન